- Received on : 07-07-2026
Registered on : 07-07-2026
Decided on : 16-07-2026
Duration : Y M D
- - 09

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ.

**<u>ફોજદારી પરચુ.અરજી નં.૫૪૩/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

**<u>અરજદાર</u>.** જયભાઈ ખીમાભાઈ ઓડેદરા,
ઉ.વ.૨૫, ધંધો–બાંધકામ,
રહે. ઝાંઝરડા રોડ, સાંઈ બાબાની મંદીર વાળી શેરી,
નયન સોસાયટી, બ્લોક નં.૧૭/૧૮,
જુનાગઢ.
હાલે.જયુડી.કસ્ટડીમાં

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ ૧૪૦(૨), ૩૦૮(૫), ૧૧૫(૨), ૬૧(૨), ૩૫૧(૩), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ

**સંદર્ભ :–** જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૦૪૬/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી એમ.સી.કામદાર
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૪૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૪૦(૨), ૩૦૮(૫), ૧૧૫(૨), ૬૧(૨), ૩૫૧(૩), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.મહેતા, પોલીસ સબ ઈન્સપેકટર, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.સી.કામદારનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૪૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૪૦(૨), ૩૦૮(૫), ૧૧૫(૨), ૬૧(૨), ૩૫૧(૩), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામે ભોગબનનાર મીલનભાઈ સી.એ.તરીકે કામગીરી કરે છે અને તેઓને અને હાલના કામના અરજદાર/આરોપી વચ્ચે લોન લેવા માટે મેળાપ થાય છે અને ભોગબનનાર લોન માટે બધા પેપર્સ જાહેર થયેલ ન હોય લોન ન થતા ભોગબનનાર અને અરજદાર વચ્ચે પૈસાની લેતીદેતી

બાબતે બોલાચાલી થયેલ છે. આ કામે લુંટ દર્શાવેલ છે તે માત્ર રૂા.૪૫૦૦ ની રહેલ છે. જયારે ૬૦ લાખ ખંડણીનો આક્ષેપ રહેલ છે. અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી સામે પ્રોહીબીશનના ગુના નોંધાયેલ છે. જે પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી જુનાગઢના રહેવાસી છે. કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી તેમજ કુટુંબવાળા છે. આ કામે અરજદાર/આરોપીને ભોગબનનાર તથા ફરીયાદી સાથે સમાધાન થઈ ગયેલ છે જેથી જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે હાલની જામીન અરજી પ્રથમ જામીન અરજી રહેલ છે. જેથી નામદાર કોર્ટ ધ્વારા જે પણ શરતો ફરમાવવામાં આવે તે તમામ શરતો પાળવા તૈયાર અને ખુશી છે. તેથી જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે તરફે વિ.એ.જી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાની રજુઆત કરેલ છે કે, હાલના કામે અન્ય આરોપીએ અગાઉ ચાર્જશીટ બાદ ફો.પ.અ.નં.૫૦૯/૨૬ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરેલ હતી. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીની હાલની આ પ્રથમ જામીન અરજી છે. વધુમાં અગાઉ અન્ય આરોપીએ ફો.પ.અ.નં.૨૨૪/૨૬ તથા ૪૧૬/૨૬ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરેલ છે. આમ, હાલના કામે જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે ભોગબનનાર તથા ફરીયાદી વકીલ મારફતે હાજર થઈ ફરીયાદી યશ સ/ઓ શાંતીભાઈ હરીભાઈ મારૂએ આંક–૦૮ થી તથા ભોગબનનાર મીલનભાઈ ચંદુભાઈ ચૌહાણએ આંક–૦૯ થી સોગંદનામું રજુ રાખેલ છે. સદરહુ બંને સોગંદનામા ધ્યાને લેતા ભોગબનનારે જણાવેલ છે કે, જયભાઈ ઓડેદરા તેમના

કલાઈન્ટ થાય છે અને લોન બાબતે તેની સાથે બોલાચાલી થયેલ હતી. જેથી તેઓને શંકા હતી કે તેનું અપહરણ જયભાઈએ કરાવેલ છે પણ ખરી હકીકતે જયભાઈએ તેમનું કોઈ અપહરણ કરેલ નથી અને જયભાઈ તેમના કલાઈન્ટ છે અને તેમની સાથે લોન બાબતે બોલાચાલી થયેલ હતી. તેમજ જયભાઈએ તેમની સાથે હથિયાર બતાવીને લુંટ કરેલ નથી કે જયભાઈને ૬૦ લાખની ખંડણી માટે કોઈ ફોન આવેલ નથી કે કરેલ નથી. આમ, ફરીયાદમાં જયભાઈનું નામ વગર સમજણે અને શંકાના આધારે લખાવેલ છે અને આ બનાવમાં જયભાઈનો કોઈ રોલ નથી. ટુંકમાં સદરહુ બંને સોંગદનામા ધ્યાને લેતા આરોપી જયનાઓએ ભોગબનનારનું અપહરણ કરેલ ન હોવાનું અને તેઓ પાસે કોઈ ખંડણી માંગેલ ન હોવાનું કે કોઈ લુંટ કરેલ ન હોવાની હકીકત જાહેર કરેલ છે.

(૬) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી એસ.કે.મહેતા, પોલીસ સબ ઈન્સપેકટર, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક—૦૬ નું સોગંદનામું વંચાણે લીધું. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીના બનેવી મીલનભાઈ ચંદુભાઈ ચૌહાણ, રહે.જુનાગઢવાળાનું આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે કાવતરુ કરી અપહરણ કરી અને સાંઈઠ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી પૈસા ન આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી અને ભોગ બનનારને માર મારી તેઓ પાસેની રકમની લુટ કરી ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૭) આ કામનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને તેનો ફોજદારી કેસ નં.૧૮૩૦/૨૦૨૬ રહેલ છે. આ કામે હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ ભોગનનાર મિલનભાઈ ચંદુભાઈનું અન્ય આરોપીઓ સાથે લોન બાબતે મનદુ:ખ હોય ભોગબનાનરનું અપહરણ કરી તેઓ પાસે રૂ.૬૦ લાખની ખંડણીની માંગણી કરી ભોગબનનારને માર મારી ધમકી આપી અને છરી બતાવી ખિસ્સામાંથી

રૂા.૨૫૦૦/- કાઢી લઈ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ છે. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં મુખ્ય ભુમીકા રહેલ છે. વધુમાં હાલના કામે અરજદાર/આરોપીએ ભોગબનનાર પાસેથી પૈસા કઢાવી લેવા માટે અન્ય આરોપીઓ સાથે કાવતરુ રતી ગુનો આચરેલ છે. વધુમાં આ કામે અગાઉ પકડાયેલ અન્ય આરોપીઓની જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં આ કામે ફરીયાદી તથા સાહેદનાઓએ અરજદાર/આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવેલ છે અને આંક-૦૮ તથા આંક-૦૯ થી સોગંદનામું રજુ રાખી હાલના કામે અરજદારે કોઈ અપહરણ કરેલ ન હોવાનું કે ખંડણીની કોઈ રકમ માંગેલ ન હોવાનું અને ગેરસમજણ અને શંકાના આધારે હાલના કામના અરજદાર/આરોપીનું નામ જણાવેલ છે. ટુંકમાં ફરીયાદી તથા ભોગબનનારનાઓએ હાલના કામે અરજદાર/આરોપીનો ગુનામાં કોઈ રોલ ન હોવાનું જણાવેલ છે. જો કે આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે . તેમજ તપાસના કાગળો ધ્યાને લેતા ફરીયાદી તથા ભોગબનનારે તપાસ દરમ્યાન આવી કોઈ હકીકત જણાવેલ હોય તેવું ફલીત થતું નથી. આમ, હાલના કામે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપીઓએ આ પ્રકારની કોઈ હકીકત જણાવેલ નથી બલકે તેઓએ તેમની ફરીયાદ તથા નિવેદનમાં બનાવને અનુરૂપ હકીકત જણાવેલ છે અને તે તપાસના અંતે પુરતો પુરવો હોય ચાર્જશીટ કરવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારી તરફથી પણ આ કામના ફરીયાદી તથા સાહેદોએ જણાવેલ છે તેવી હકીકત જણાવ્યા બાબતેનો કોઈ રીપોર્ટ આવેલ નથી કે સોગંદનામામાં પણ તપાસ કરનાર અધિકારીએ હકીકત જણાવેલ નથી તે સંજોગોમાં તપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકતથી વિપરીત હકીકત ફરીયાદી તથા ભોગબનનારનાઓએ જાહેર કરેલ છે. જે એકબીજાથી વિસં ગત રહેલ છે અને તે પુરાવાનો વિષય બની રહે છે. વધુમાં હાલનો ગુનો ધ્યાને લેતા ગંભીર પ્ર કારના રહેલ છે અને દિન-પ્રતિદીન આવા પ્રકારના ગુનાઓ વધતા જાય છે. આમ,તેથી ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

– હાલના અરજદાર/આરોપી જયભાઈ ખીમાભાઈ ઓડેદરા, રહે. ઝાંઝરડા રોડ, સાંઈ બાબાની મંદીર વાળી શેરી, નયન સોસાયટી,બ્લોક નં.૧૭/૧૮, જુનાગઢ વાળાની જુનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૦૪૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૪૦(૨), ૩૦૮(૫), ૧૧૫(૨), ૬૧(૨), ૩૫૧(૩), ૨૯૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)